ઉંડા અંધારેથી પ્રભુ, પરમ તેજે તું લઈ જા...

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૪ | ૧૪ એપ્રિલ, ૨૦૨૦, મંગળવાર; ચૈત્ર વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# શરતી છૂટછાટો સાથે લોકડાઉન લંબાવાશે

**મોદીનું આજે રાષ્ટ્રને સંબોધન : લોકડાઉન-૨ જારી રહેશે પણ અનેક રાહતો મળવાની સંભાવના ટેક્સટાઈલ, ઓટો મોબાઇલ, ઇલેક્ટ્રિક ચીજવસ્તુ બનાવનારાને રાહતો મળે તેવી સંભાવના**

નવીદિલ્હી, તા. ૧૩

કોરોના વાયરસના પરિણામ સ્વરુપે સમગ્ર દેશમાં જે લોકડાઉનની સ્થિતિ છે તે આવતીકાલે ખતમ થશે કે કેમ તે ફેંસલો આવતીકાલે સવારે જ થશે. આવતીકાલે સવારે ૧૦ વાગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રને સંબોધન કરનાર છે. હજુ સુધી કોરોનાને કાબૂમાં લેવામાં સફળતા હાથ લાગી નથી જેથી લોકડાઉન-૨ નક્કી છે પરંતુ કેટલીક રાહતો ચોક્કસ વિસ્તારોમાં મળે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. હજુ સુધી કોરોનાના કારણે હાલત કફોડી બનેલી છે. આવી સ્થિતિમાં એવી



અટકળો લાગી રહી છે કે, લોકડાઉનની અવધિ આગળ વધશે. જો કે મોદીએ આજે કોઈ વાત કરી ન હતી પરંતુ આવતીકાલે મંગળવારના દિવસે સવારે ૧૦ વાગે રાષ્ટ્રને સંબોધન કરનાર છે. લોકડાઉનના બીજા તબક્કામાં કેટલીક રાહતો મળનાર છે તેવા સંકેત મળવા લાગી ગયા છે. મોદી સરકાર તરફથી બીજા તબક્કામાં લોકડાઉનની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી પરંતુ પંજાબ, મહારાષ્ટ્ર સહિતના કેટલાક રાજ્યો પહેલાથી જ લોકડાઉનની અવધિ વધારી ચુક્યા છે. ઓરિસ્સા અને

● અનુસંધાન પાન-૭ પર

## દેશના ૮ રાજ્યોએ ૩૦મી એપ્રીલ સુધીનું લોકડાઉન જાહેર કરી દીધુ

નવી દિલ્હી, તા.૧૩

લોકડાઉનની રાષ્ટ્રીય સ્તરે જાહેરાત થાય તે પૂર્વે દેશની ૬ રાજ્ય સરકારોએ લોકડાઉનની અવધી ૩૦મી એપ્રીલ સુધી લંબાવવાની જાહેરાત કરી દીધી છે. સૌથી પહેલા ઓરિસ્સા સરકારે જાહેરાત કરી હતી. ત્યારબાદ પંજાબ અને પશ્ચિમ બંગાળની સરકારે જાહેરાત કરી હતી. જ્યારે ગઈકાલે તેલંગણા અને મહારાષ્ટ્ર સરકાર દ્વારા ૩૦મી એપ્રીલ સુધી લોકડાઉન લંબાવવાની જાહેરાત કરી હતી. જ્યારે આજે તામીલનાડુ સરકારે વિધિવત રીતે ૩૦મી એપ્રીલ સુધી લોકડાઉન લંબાવવાની જાહેરાત રાજ્યના મુખ્યમંત્રીએ કરી હતી. મિઝોરમ અને અરૂણચાલ પ્રદેશે મોડીસાંજે લોકડાઉન ૩૦મી સુધી લંબાવવાની જાહેરાત કરી હતી.

## સંબોધનની વિગતોની ઉત્સુકતા

- લોકડાઉનને લઇને મોદી કેવા પગલા લે છે તેને લઇને વાતચીત શરૂ કરાઈ
- મોદી લોકડાઉન દરમિયાન ક્યા મુદ્દા પર હવે વાત કરે છે તેને લઇને લોકોમાં અટકળો
- સમગ્ર દેશમાં લોકડાઉનને લંબાવાશે કે પછી રાહત આપવામાં આવશે તેને લઇને ચર્ચા
- વડાપ્રધાનની સૂચના બાદ કેન્દ્રીય મંત્રીઓ પોતપોતાની ઓફિસમાં પહોંચ્યા બાદ રાહત મળવાની ઉત્સુકતા દેશાઈ
- પ્રાપ્ત માહિતી મુજબ ટેક્સટાઈલ, ઓટો મોબાઇલ, ઇલેક્ટ્રીક ચીજવસ્તુ બનાવનાર કંપનીઓ શરૂ થઇ શકે છે
- હાઉસિંગ અને કન્સ્ટ્રક્શન સેક્ટરની સાથે અન્યોને પણ રાહત મળી શકે છે
- મોબાઇલ, ઇલેક્ટ્રીક રિપેરની દુકાન, કપડા ધોનાર લોકો, ચંપલ બનાવનાર લોકો, પ્રેસ કરનાર લોકોને રાહત મળી શકે છે
- સોશિયલ ડિસ્ટેન્સ રાખીને નાની મોટી કંપનીઓને શરૂ કરવાની મંજુરી મળી શકે છે
- ઓછા કર્મચારીઓ જ્યાં કામ કરે છે તેવા ઉદ્યોગને પણ ખોલવામાં આવશે
- નાના અને મધ્યમ ઉદ્યોગમાં કામ કરતા કર્મચારીઓને લાવા લઇ જવા માટે સ્પેશિયલ ટ્રેન અને બસની મદદ લેવાશે

## રામાયણના સમયને ધ્યાનમાં લઈ સંબોધનના સમયમાં ફેરફાર કરાયો

નવીદિલ્હી, તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે રાષ્ટ્રને સંબોધન કરનાર છે. આ વખતે વડાપ્રધાને રાષ્ટ્રને સંબોધન કરવા માટે ૧૦ વાગ્યાનો સમય રાખ્યો છે. ગયા વખતે રાષ્ટ્ર સંબોધનના કારણે રામાયણ સિરિયલને આગળ વધારવામાં આવી હતી. આ વખતે રામાયણ સિરિયલ પ્રસારણ સમયને ધ્યાનમાં લઈને મોદીએ સમય ૧૦ વાગ્યાનો રાખ્યો છે. રામાયણનું પ્રસારણ તમામ લોકો નિહાળી શકે તે માટે સમય ૧૦ વાગે રાખવામાં આવ્યો છે. દૂરદર્શન પર હાલમાં સવારે ૯ વાગે રામાયણનું પ્રસારણ કરવામાં આવે છે.

## તમામ મંત્રીઓ ઓફિસે પહોંચ્યા

**પોતપોતાના મંત્રાલયના અધિકારીઓ સાથે ચર્ચા : સોશિયલ ડિસ્ટેન્સનું અનુપાલન કરાયું**

નવીદિલ્હી, તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સૂચના મળ્યા બાદ આજે જુદા જુદા મંત્રીઓ પોતપોતાની ઓફિસમાં પહોંચ્યા હતા અને કામગીરી શરૂ કરી હતી. આનાથી એવા સંકેત મળી રહ્યા છે કે, લોકડાઉનની અવધિમાં હવે રાહત મળી શકે છે. આજે કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે પણ ઓફિસે પહોંચી માહિતી અને પ્રસારણ મંત્રાલયના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. દિલ્હીના શાસ્ત્રી ભવનમાં આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બીજી બાજુ અન્ય તમામ મંત્રીઓ પણ પોતપોતાની ઓફિસમાં પહોંચ્યા હતા. કેટલાક મંત્રીઓ અને કેટલાક વરિષ્ઠ અધિકારીઓ નવી દિલ્હીમાં તેમની ઓફિસમાં પહોંચ્યા હતા. ૨૧ દિવસની રાષ્ટ્રવ્યાપી અવધિ ૧૪મી એપ્રિલ

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૮૮૨૩૦૬ | ૧૧૭૪૦૦ | ૮૭૨૨૧૬ |
| ભારત | ૯૭૬૪ | ૩૪૧ | ૧૧૭૪ |
| ગુજરાત | ૫૭૨ | ૨૬ | ૫૪ |
| ગાંધીનગર | ૧૫ | ૦૧ | ૦૭ |

## મહારાષ્ટ્રમાં કોરોનાનો આતંક યથાવત

**મહારાષ્ટ્રમાં કોરોનાના ૨૪ કલાકમાં ૩૫૨ નવા કેસ, કુલ ૨૩૩૪ કેસ નોંધાયા**

મુંબઈ,તા.૧૩

મહારાષ્ટ્ર ભારતમાં કોરોના વાયરસના સંક્રમણનું કેન્દ્ર બનેલું છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૫૨ નવા મામલા સામે આવ્યા છે અને ૨૨ લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રમાં ૧૪૯ કોવિડ-૧૯થી સંક્રમિત લોકોના મૃત્યુ થયા છે. રાજ્યમાં કુલ ૨૩૩૪ કોરોના પોઝિટિવ કેસ છે. માત્ર મુંબઈમાં ૧૨૯૮ લોકો સંક્રમિત છે અને ૯૨ લોકોના મોત થયા છે.

મુંબઈમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૬ મૃત્યુ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં દિલ્હીના નિઝામુદીન મરકઝમાં સામેલ થયેલા ૭૫૫



લોકોનો કોરોના ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો, જેમાંથી ૩૭ લોકો સંક્રમિત જોવા મળ્યા છે.

લાતૂરમાં ૮, યવતમાલમાં ૭, ભુલધાનામાં ૫, મુંબઈમાં ૩, પુણે, પિમ્પારી, છિંછવાડ અને અહમદનગરમાં ૨-૨ મામલા સામે આવ્યા છે. રત્નાગિરિ, નાગપુર, હિંગોલી, જલગાંવ, ઉસ્માનાબાદ, કોલ્હાપુર અને વશીમથી એક-એક મામલા સામે આવ્યા છે. આ સિવાય મહારાષ્ટ્રમાં અત્યાર સુધી ૪૧,૧૦૯ લોકોનો કોરોનાનો રિપોર્ટ થયો છે. મહારાષ્ટ્રમાં લૉકડાઉનનું ગંભીરતાથી પાલન થઈ રહ્યું છે. છતાં પણ કોરોન વાયરસના સંક્રમણના કેસ વધી રહ્યાં છે. મહારાષ્ટ્ર દેશમાં કોરોના વાયરસનું કેન્દ્ર બનેલું છે.

## છેલ્લે... છેલ્લે...

- ચીનથી આવી રહેલ ટેસ્ટ કીટ્સનું કન્સાઈનમેન્ટ ૧૫મીએ ભારત પહોંચશે.
- ઉત્તર પ્રદેશમાં સરકારી કન્સ્ટ્રક્શન કામગીરી ૧૫મીથી કાર્યરત થશે એવી જાહેરાત નાયબ મુખ્યમંત્રીએ કરી હતી.
- મહારાષ્ટ્રના ગૃહનિર્માણ મંત્રી જીતેન્દ્ર અહ્વાડ સેલ્ફ કોરોન્ટાઈન થયા છે. અગાઉ જેમને તેઓ મળ્યા હતા તેને કોરોના પોઝિટિવ આવતા કોરોન્ટાઈન થયા.
- અદાણી ફાઉન્ડેશન દ્વારા આંધ્રપ્રદેશ મુખ્યમંત્રી રાહતફાળામાં ૨ કરોડ રૂપિયા આપ્યા.
- દુબઈ એરપોર્ટ પર ૧૯ ભારતીયો ફસાયા છે. જેમને લાવવાની વ્યવસ્થા એકાદ-બે દિવસમાં વિચારાણમાં છે.
- કેરળના મુખ્યમંત્રીએ પ્રધાનમંત્રીને પત્ર લખી ગલ્ફ દેશોમાં ફસાયેલા કેરલીયનને લાવવા વિનંતી કરી છે.
- ઓઢવ વોર્ડના કોંગ્રેસ મહામંત્રીને કોરોના પોઝિટિવ જાહેર થયો.
- અમદાવાદ સિવિલ હોસ્પિટલમાંથી કોરોના પોઝિટિવ દર્દી ભાગી છૂટ્યો.
- વડોદરા મહાનગર પાલિકાના ભાજપના કોર્પોરેટર તંત્રની કામગીરી સામે રોષ વ્યક્ત કરવા અર્ધનગ્ન થયા હતા.
- દેશમાં સૌથી વધુ કેસ ધરાવતા રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૨૩૫૨ |
| તામીલનાડુ | ૧૧૭૩ |
| દિલ્હી | ૧૧૫૪ |
| રાજસ્થાન | ૮૯૭ |
| મધ્યપ્રદેશ | ૬૧૪ |
| ગુજરાત | ૫૭૨ |
| ઉત્તરપ્રદેશ | ૫૫૮ |
| તેલંગણા | ૫૩૧ |
| આંધ્રપ્રદેશ | ૪૩૯ |

## પીએમ કેયર્સ ફંડ સામે રજૂ કરાયેલ અરજીને ફગાવાઈ

**કોંગ્રેસ અને અન્ય ઘણા પક્ષને સુપ્રીમ તરફથી મોટો ફટકો**

નવીદિલ્હી, તા. ૧૩

સુપ્રીમ કોર્ટે આજે પીએમ કેયર્સ ફંડ સામે દાખલ કરવામાં આવેલી અરજીઓને ફગાવી દીધી હતી. પીએમ કેયર્સ ફંડની રચના કરવાના નિર્ણયને રદ કરવાની માંગ કરતી અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. પીએમ કેયર્સ ફંડમાં હાલ કોરોના સામે લડવા માટે જંગી રકમ દાન કરી રહ્યા છે. આની સામે કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષોએ વાંધો ઉઠાવ્યો હતો. ચીફ જસ્ટિસ એસએ બોબડેના નેતૃત્વમાં બેંચે વકીલ એમએલ શર્મા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ગેરમાર્ગે દોરનાર તરીકે ગણાવીને આને ફગાવી દીધી હતી. વિડિયો કોન્ફરન્સિંગ મારફતે આ મામલામાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જુદા જુદા પાસાઓ ઉપર દલીલો કરવામાં આવી હતી. એલ નાગેશ્વરરાવ, એમ શાંતા ગોદારની બનેલી બેંચે વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલોની નોંધ લીધી ન હતી. આ વકીલે એવી દલીલ કરી હતી કે, ફંડની રચના જુદા જુદા કલમોને ધ્યાનમાં લઈને કરવામાં આવી નથી. ૨૮મી માર્ચના દિવસે કેન્દ્ર સરકારે પ્રાઈમ મિનિસ્ટર સિટિઝન આસીસ્ટન્ટ એન્ડ રિલીફ ઈમરજન્સી સિચ્યુએશન પીએમ કેયર્સ ફંડની રચના કરી હતી. કોરોના વાયરસની સ્થિતિને મક્કમ હાથે હાથ ધરવા માટેના ઈરાદા સાથે આ ફંડની રચના કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના કહેર સામે દુનિયા નિઃસહાય

**કોરોના કેસોની સંખ્યા ૧૮ લાખથી ઉપર પહોંચી : મોતનો આંકડો ૧૧૪૨૫૩ સુધી પહોંચી ગયો : વિશ્વમાં અમેરિકા કોરોનાના કારણે સૌથી વધારે પ્રભાવિત**

નવી દિલ્હી,તા. ૧૩

કોરોના વાયરસનો હાહાકાર વિશ્વના દેશોમાં જારી છે. નવા મોટી સંખ્યામાં કેસો સપાટી પર આવ્યા બાદ કેસોની સંખ્યા વધીને ૧૮૫૩૩૫૭ સુધી પહોંચી ગઈ છે. જ્યારે મોતનો આંકડો વધીને ૧૧૪૨૫૩ સુધી પહોંચી ગયો છે. કુલ રિક્વર થયેલા લોકોની સંખ્યા ૪૨૩૬૯૨ ઉપર પહોંચી ગઈ છે.



જ્યારે હાલમાં ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૫૦ હજાર કરતા વધારે છે. જેથી મોતનો આંકડો ખુબ વધારે રહે તેવી શકયતા છે. અમેરિકા સહિતના દેશોમાં તો કોરોનાનો હાહાકાર હાલમાં જારી રહ્યો છે. એકલા અમેરિકામાં મોતનો આંકડો ૨૨ હજાર કરતા વધારે થઈ ગયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## દેશના ૨૫ જિલ્લા કોરોના મુક્ત થવાની દિશામાં

**છેલ્લા ૧૪ દિવસમાં ૨૫ જિલ્લામાં એક પણ કેસ નહીં : કોરોનાને રોકવા ટેકનોલોજીની સહાયતાથી લાઈવ કેસ ટ્રેકિંગ, કેસ મેનેજમેન્ટ, કન્ટેનમેન્ટ પ્લાન અમલી થયા : ઉત્તરાખંડમાં ૧૦૦ કલાકમાં કોઇ કેસો નહીં : સરકાર**

નવીદિલ્હી, તા. ૧૩

કોરોનાના સતત વધતા નવા મામલા અને મોતની વચ્ચે એક સારા સમાચાર આવ્યા છે. આ સારા સમાચર એ છે કે, દેશભરના ૧૫ રાજ્યોના ૨૫ જિલ્લામાં છેલ્લા ૧૪ દિવસથી કોરોનાના કોઈ નવા મામલા સપાટી પર આવ્યા નથી. આ ૨૫ જિલ્લા એવા પણ જ્યાં અગાઉ કોરોના પોઝિટિવ લોકો મળી આવ્યા છે. ૧૪ જિલ્લાથી નવા મામલા સપાટી પર ન આવતા એવી આશા દેખાઈ રહી છે કે, આ જિલ્લા કોરોનાની સામે જંગ જીતી ચુક્યા છે. જો કે, આરોગ્ય મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું છે કે, આ જિલ્લાઓમાં પણ હવે નવા કેસ ન આવે તેવા પ્રયાસ યુદ્ધના ધોરણે થઈ રહ્યા છે. આરોગ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે પત્રકાર પરિષદમાં આ તમામ જિલ્લાઓના નામ પણ આપ્યા હતા. તેમણે કહ્યું હતું કે, જ્યારે અહીં કોરોનાના પોઝિટિવ કેસો આવ્યા ત્યારે જિલ્લા વહીવટીતંત્રએ કન્ટેન્ટમેન્ટ સ્ટ્રેટેજી હેઠળ કામ કર્યું હતું જેના પરિણામ જોવા મળી રહ્યા છે પરંતુ હજુ પણ વિજિલન્સ એવી જ એનર્જી સાથે જાળવી રાખવાની જરૂર છે. આવનાર દિવસોમાં પણ આ જિલ્લામાં કોઈ પોઝિટિવ કેસ ન આવે તેમ અમે ઈચ્છીએ છીએ. લવ અગ્રવાલે કહ્યું હતું કે, અમે દરેક સ્તર પર ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છે. સમયસર રિસ્પોન્સ માટે કટિંગએજ ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છે. અમે ટેકનોલોજીનો ઉપયોગ કરીને લાઈવ કેસ ટ્રેકિંગ, કેસ મેનેજમેન્ટ અને કન્ટેન્ટમેન્ટ પ્લાનને લાગૂ કરવાની સાથે સાથે મોનિટરિંગ કરી રહ્યા છે. ૨૫ જિલ્લાઓમાં કર્ણાટકના ચાર, છત્તીસગઢના ત્રણ, કેરળના બે, બિહારના ત્રણ અને હરિયાણાના ત્રણ જિલ્લા સામેલ છે. આ પાંચ રાજ્યોમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા ૮૮૮ છે જે પૈકી ૨૮૫ લોકો

● અનુસંધાન પાન-૭ પર